RCS/83/2012 ORDER

Registration No.: RCS/83/2012
Filing No.: RCS/83/2012
Filed On: 19/04/2012
Registered On : 19/04/2012

**IN THE TALUKA COURT AT ANJAR**

**REGULAR CIVIL SUIT NO. 83 OF 2012.**

RCS/83/2012

**Plaintiff :**

**1.** NARAN RAVA KOLI
WARD NO.6
HEMLAI FALIYU
ANJAR
GUJARAT

**VERSUS**

**Defendant :**

1. PARBAT RAJABHAI PATEL
RASLIYA
NAKHATRANA
GUJARAT

2. PREMJI DEVJI PATEL
P.D.PATEL AND CO.
RADHANPUR HIGHWAY SHIHORI
TA KANKREJ DIS.BANASKANTHA
BANASKANTHA
GUJARAT

3. SHANKARLAL KANTILAL PATEL
461 MEGHAPAR BORICHI
GALPADAR ANJAR ROAD
ANJAR
GUJARAT

4. SHANTILAL KALYANJI PATANIYA
JAIN COLONY

NEW ANJAR
ANJAR
GUJARAT

Appearance:
B.M.DHOLAKIA For Plaintiff 1

B.G.BHANSALI For Defendant 1, 2, 3, 4

---

**બીજા એડીશનલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં, અંજાર –કચ્છ.**
**રે. દિ. દા. નં.**
**૮૩/૨૦૧૨**

**આંક – ૦૫ ની અરજી નીચે હુકમ.**

**૧/...** હાલની અરજી વાદી તરફે સીવીલ પ્રોસીજર કોડ ઓ. ૩૯, રુલ ૧, અને ૨ કલમ ૧ ૫૧ હેઠળ કામચલાઉ મનાઈ હુકમ મેળવવા માટે દાખલ કરેલી છે.

૨/... વાદીના કેસની ટુકમાં વિગત ::–

તેઓ વાદીની સંયુકત માલીકીની જમીન સર્વે નં.૯૮૪ પૈકી ટાવર્સ–૧૬ એકર–૧૯ ગું.વાળીના તેમના પિતા રવા રાયશી કોલીને ૧૯૬૨ ખેતીના હેતુસર સાથણીમાં મંજુર થયેલ, જે જમીન પૈકી અંજાર વિસ્તાર વિકાસ સત્તા મંડળ ધ્વારા ૮–એકર જમીનમાં પમ્પી ગ સેન્ટર બનાવી દેતા અંજાર તાલુકાના મેઘપર કુભારડીના સર્વે નં.૧ એકર ૩ –૫ ગુઠા તથા તેની બાજુએ આવેલ ટાવર્સ સર્વે નં.૬૩ પૈકી ૪–એકર, ૩૫ ગુઠા મળી કુલ આઠ એકર જમીન મં જુર થયેલ. જે જમીનના રેવન્યુ રેકર્ડ નંબરના ખાતા નં.૨૦૦ નોંધ નં.૧૩૯૬ થી હકકપત્રકમાં પ્ર માણીત કરી તા.૧૩/૬/૦૭ ના રોજ જમીનનો કબજો તેમને મળેલ હોવાનું અને ત્યારથી તેઓ જમીનમા સીઝનમાં વાવણી કરી પાક મેળવતા હોવાનુ, પરંતુ મંજુર થયેલ જમીન બાબતે અંજારના કુંવર અરજણ દેસાઈ તથા રતનાલના ત્રિકમ હધુ આહીરે અપીલ દાખલ કરતા સચિવશ્રીએ તા.૧૧/૨/૦૯ ના રોજ તે રદ ફરમાવેલ અને કલેકટરશ્રી ભુજનો હુકમ કાયમ રાખેલ, અને આ જમીનની માપણી થઈ જતા તેની સીટ પણ તેમણે મેળવેલ અને જમીન ફરતે પાકને નુકશાન કરતા જાનવરોથી બચવા છેલ્લા વીસેક દિવસથી કાંટાળી ફેન્સીગનું કામ

કરાવતા ગઈ તા.૧૬/૪/૧૨ ના રોજ સાંજે પાંચ વાગે ૧૦ થી ૧૫ જણાનું ટોળુ સદર જમીન પર આવી તેઓ સાથે તથા કામ કરતા મજુરો સાથે ગાળાગાળી કરી કામ બંધ કરી ભાગી જવાની ધમકી આપી જાનથી મારી નાખવાનું જણાવતા તેઓએ પ્રતિવાદી નં.૧ થી ૪ તથા પ્રદિપ અને કાં તીલાલ પટેલ વિરુધ્ધ પોલીસમાં ફરીયાદ કરેલી અને પ્રતિવાદીઓની જમીન ગામતળ હોવા છતાં તે જમીનના દસ્તાવેજમા તેઓ વાદીની જમીનની ચર્તુદિશા બતાવી દઈ અને માલીકીનો કબજો દર્શાવી દીધેલ હોય, જેથી પ્રતિવાદીનો દસ્તાવેજ કાયદેસરનો ન હોવાનું અને મેઘપર કુભારડીના સર્વે નં.૧ તથા તેની ઉત્તર દિશાના ટાવર્સ સર્વે નં.૧૬૩ વાળી જમીન તેઓ વાદીના પ્રત્યક્ષ કબજા ભોગવટામાં આવેલ હોવાનું અને પ્રતિવાદીઓએ જમીન ખોટી રીતે પચાવી પાડવા માગતા હોવાનું જણાવી દાદ માંગી છે કે, પ્રતિવાદીઓ તેમના એજન્ટ, સબંધી કે સાગરીત દાવાવાળી મિલ્કતના તેઓ વાદીના કબજા ભોગવટા માલીકી હકકમા અંતરાય કરે કરાવે નહી કે જમીનને નુકશાન થાય તેવુ કૃત્ય કરે કરાવે નહી કે કોઈપણ જાતનો વ્યવહાર કરે કરાવે નહી તેવો દરમ્યાન મનાઈ હુકમ ફરમાવશો.

૩/.. પ્રતિવાદી નં.૧ થી ૫નાએ આંકઃ૧૬ થી લેખીત જવાબ રજુ કરેલ તેમાં વાદીના દાવા તથા મનાઈ અરજીની હકિકતોનો મહદઅંશે ઈન્કાર કરી અને જણાવેલ છે કે, વાદીએ માર્ક ૩/૨ થી રજુ કરેલ હુકમના પહેલા પાનાની પાછળનો ભાગ જાણી જોઈને કોર્ટને ગેરમાર્ગે દોરવાના ઈરાદાથી રજુ કરેલ નથી. મેઘપર કુભારડી સર્વે નં.૧ ની જમીન ખારવાડના હેતુ માટે નીમ થયેલી સરકારી પડતર તરીકે ખેતીના હેતુસર ઓળખ કરી સરકારશ્રીના ખાતે પરત લ ેવાનો હુકમ કરેલ છે અને અંજારના ટાવર્સ સર્વે નં.૯૮૪ પૈકી એકર–૮ વાળી જમીનના બદલામા મેઘપર કુારડી સર્વે નં.૧૦૩ તેમજ સર્વે નં.૧૬૩ પેકી વાળી જમીન સ્વ.રવા રાયશી કોલીના વારસો લક્ષ્મણ રવા કોલી વિગેરેના સંયુકત નામે અવિભાજય અને નિયંત્રિત શરતે ખાસ હિસ્સા તરીકે ફકત ખેતીના ઉપયોગ માટે મંજુર કરવાનો હુકમ કરાયેલ, પરંતુ વાદીએ રાજકીય વગનો લાભ લઈ રેવન્યુ અધિકારીઓનો સાથ સહકાર લઈ સર્વે નં.૧૦૩ તથા ૧૬૩ ની જગ્યાએ સર્વે નં.૧ તથા તેની ઉત્તરે ૧૬૩ પેકીની જમીન નહી હોવા છતાં પંચનામા, નકશા, કબુલાત વિગેરે દસ્તાવેજો હુકમ વિરુધ્ધ તૈયાર કરાવેલ હોવાનું અને તેનાથી વાદીને દાવાવાળી મિલ્કત પરત્વે ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટની કલમ ૮ મુજબ કોઈ હુકમ પ્રાપ્ત થતો ન હોવાનું અને વાદીને સર્વે નં.૧ પર કબજો આવેલ ન હોવાનું જણાવેલ છે. પ્રતિવાદીઓ વધુમાં જણાવે છે કે અંજારના મામલતદાર તરફથી જમીન ભોગવટામા લેવા સારુ કલમ ૬૦ મુજબ પરવાનગી નમુના નિયત ૫૪ મુજબ તા.૧૩/૬/૦૭ ના રોજ ભોગવટા માટે વાદીને મંજુરી

આપવામા આવેલ, પરંતુ તે મંજુરી કલેકટર સાહેબના હુકમથી જુદા સર્વે નંબરોની હોવાનું અને તેમા વાદી વાવણી કરતા નથી અને તે મુજબની નોંધ નં.૭/૧૨ માં પડતર બોલતી હોવાનું અને વાદીના કહેવા મુજબ જ સર્વે નં.૧ ની જમીન વાડાની હોય જેથી તે અંગે મહેસુલ વિભાગ સમક્ષ અપીલ થવાથી તે હુકમથી દાવાવાળી મિલ્કત પરત્વે વાદીને કોઈ હકક અધિકારી મળતા ન હોવાનું અને તે અપીલમાં પ્રતિવાદીઓ પક્ષકાર ન હોવાથી તેઓને બંધનકર્તા ન હોવાનું અને આ સર્વે નંબર ૧ વાળી જમીન રાજાશાહીના સમયથી વાડાની જમીન તરીકે ઉપયોગ થતો હોવાનું અને તે વાડા રજીસ્ટરમા હીરા મેઘાની કબજાની માલીકીમા નોંધાયેલ હોવાનું, જે અંગેની નકલ પણ આ સાથે સામેલ રાખેલ છે. તે રીતે સર્વે નં.૧ માં બેચર અરજણનો વાડો આવેલ, જે તેઓના અવસાન બાદ બેચર હીરાલાલના કબજા અર્થે મેળવેલ, તેવી જ રીતે ધારશી માણશી મિસ્ત્રીનો પણ વાડો આવેલ હોવાનું, આ રીતે ત્રણ વાડાઓ તથા ગૌશાળા મળી કુલ ક્ષેત્રફળ ૩–એકર, ૦૫ ગુઠા થાય છે અને પ્રતિવાદી નં.૫ ના પિતાએ તેઓ માટે સર્વે નં.૧ માં ૩૫૦૦ ચો.મી. જમીન વાડા માટે ખરીદેલ અને તે તાલુકા વિકાસ અધિ.એ મંજુર કરતા વાડા રજીસ્ટર નોંધણીનો હુકમ કરાયેલ અને પ્રતિવાદી નં.૫ વાળાની સદર વાડા અંગેની માલીકીના દસ્તાવેજોની ખાત્રી કર્યા બાદ પ્રતિવાદી નં.૧ થી ૪ વાળાએ રુપીયા ચૌદલાખ અવેજથી તા.૪/૮/૧૧ ના રોજ આ વાડાની જમીન ખરીદેલ હોવાનું અને ત્યારથી તેઓ પ્રતિવાદી નં.૧ થી ૪ પાસે આ વાડો આવેલ અને તેમા ત્રણ ડેલા, ત્રણ બેઠક, તથા વંડીનો ભાગ આવેલ. જે હાલ પણ મોજુદ છે અને પ્રતિવાદી નં.૧ થી ૪ ના નામની નોંધ પણ રેવન્યુ દફતરે મેઘપર કુભારડીના હકકપત્રકમાં નં.૩૩૦૪ થી પ્રમાણીત થયેલ છે. પ્રતિવાદીઓએ સદરહું વાડાની ચર્તુદિશા દર્શાવી વધુમાં જણાવેલ છે કે સર્વે નં.૧ વાળી જમીનના માલીકોના આ વાડાઓ તથા ગૌશાળા તેમા આવેલ છે અને તેઓએ વાડાની જમીનમાં કંમ્પાઉન્ડ વોલનું બાંધકામ કરવાની શરુઆત કરતા વાદી અને તેના ભાઈઓ અટકાયતી કરી ધમકીઓ આપતા ના.કોર્ટમા કેવીયેટ કરી પોલીસ ફરીયાદ પણ કરેલ તેમ છતા વાદીએ તેઓ વિરુઘ્ધ દાવો દાખલ કરી સર્વે નં.૧ માં આવેલ અન્ય ઈસમોના વાડા સંદર્ભે તેઓએ ઈસમોને જાણી જોઈને પક્ષકાર બનાવેલ ન હોવાનું અને પ્ર તિવાદી નં.૫ ના પિતા સવંત ૨૦૦૦ થી સદરહું જમીનનો કબજો ભોગવટો માલીકી હકકથી કોઈના અંતરાય કે રુકાવટ વગર ધારણ કર્તા હતા અને તેમના અવસાન બાદ તેઓ પ્રતિવાદી નં.૫ વાળા પણ ધારણકર્તા હતા અને ત્યારબાદ પ્રતિવાદી નં.૧ થી ૪ વાળાએ રજીસ્ટર દસ્તાવેજથી ખરીદ કરાયેલ હોય જેથી તેઓ કોઈપણ હરકત અંતરાય કે રુકાવટ વગર ભોગવટો ધરાવતા હોવાનું, વાદીએ દસ્તાવેજની કિંમત રુપીયા ચૌદલાખ મુજબ આંક બાધેલ નથી કે કોર્ટ ફી ભરેલ ન હોય રદ થવાને પાત્ર હોવાનું, વાદીએ હકીકતો સપ્રેસ કરેલ હોય, કલીનહેન્ડથી આવેલ

ન હોવાનું, વાદીએ તાલુકા વિકાસ અધિકારી, ગ્રામ પંચાયત, મેઘપર કુભારડી કે મામલતદાર કે તલાટી કમ મંત્રી, અંજારને જરુરી પક્ષકાર તરીકે ન જોડેલ હોય તે તમામ સંજોગોમા વાદીની દાવા તથા મનાઈ અરજી રદ થવાને પાત્ર હોવાનુ જણાવેલ છે.

૪/... આ કામે વાદી તરફે દલીલ ન કરતા હકક બંધ કરાયેલ અને પ્રતિવાદીના વકીલશ્રી બી.જી.ભલવારીની દલીલો સાંભળી. તેમજ રજુ કેસની ઓથોરીટીઓ વંચાણે લીધી.

૫/... હાલની અરજીના નિર્ણય અર્થે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**મુદદા :**–

(૧) શું વાદી પોતાનો પ્રાયમાફેશી કેસ સાબીત કરે છે ?

(૨) શું બેલેન્સ ઓફ કન્વીનીયન્શ વાદીની તરફેણમાં છે?

(૩) શું વાદી સાબીત કરે છે માગ્યા મુજબનો મનાઈ હુકમ નહી આપવાથી તેને નાણા થી ભરપાઈ ન જાય તેવુ નુકશાન જવાનુ છે ?

(૪) શું હુકમ.

૬/... ઉપરોકત મુદાઓ સબંધે મારો જવાબ નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) નકારમાં,

(૩) નકારમાં,

(૪) આખરી હુકમ મુજબ,

૭/... –**:: કા ર ણો ::**–

**મુદા નં. ૧ થી ૩ ::**–

હાલની અરજીના નિર્ણય અર્થે આપવામા આવેલ તારણો ફકત પ્રથમદર્શનીય કેસ પુરતા છે અને કયો પક્ષકાર ઉપરોકત તારણના તત્વોને પોતાની તફેરણમા દર્શાવી શકે છે તે આધારીત તે નિર્ણય કરવાનો રહે છે.

૮/... વાદી તરફે હાલનો દાવો પ્રતિવાદીઓ વિરુધ્ધ તા.૪/૮/૧૧ ના રોજ પ્રતિવાદી નં .૧ થી ૪ ની તરફેણમાં કરાયેલ દસ્તાવેજ તેઓ વાદીને કે તેમના દાવાવાળી જમીન પરત્વેના હકકોને બંધનકર્તા ન હોવાનું ઠરાવવા તેમજ તેઓ વાદીના દાવાવાળી ચર્તુદિશાવાળી જમીનમા કબજો ભોગવટો હોવાનુ જણાવી તે સંદર્ભે પ્રતિવાદી વિરુધ્ધ કાયમી મનાઈ હુકમની માંગણી કરી હાલની અરજી લગત કામચલાઉ મનાઈ હુકમની ઉપરોક્ત દાદ માંગેલ છે. જે સંદર્ભે આંક–૩ થી રજુ કરેલા દસ્તાવેજી પુરાવાની નકલ વંચાણે લેતા ની.૩/૧ થી કલેકટરશ્રી ભુજ ધ્વારા મામલતદારશ્રી અંજારના જમીન સર્વે જુના નં.૨૦, એકર ૧૬–૧૯ ગુઠાંવાળી જમીન સંપાદન ન કરવા બાબતે તા.૩/૨/૦૫ ના રોજ લખેલ પત્રની નકલ રજુ કરેલ છે. જેમા વાદીએ આ જમીન અંગે મુખ્યમંત્રીના કાયાલયને લખેલ પત્ર આધારીત આપેલ સુચના અન્વયે લખેલાનુ જણાય છે અને તે વાદીના તે સંદર્ભના કથનોને સમર્થન આપે છે. વાદી તરફે નિ.૩/૨ થી કલેકટરશ્રી કચ્છનો જમીન સંપાદન અંગેના તા.૩૧/૫/૦૭ ના હુકમની નકલ રજુ કરેલ છે, જેમા વાદીએ જણાવ્યા મુજબ સર્વે નં.૯૮૪ પૈકી એકર ૧૬–૧૯ ગુંઠામાંથી ઔડા ધ્વારા એકર ૮–૦૦ ગુઠામાં પંપીગ સ્ટેશન બનાવી દેતા મેધપર કુભારડી સર્વે નં.૧૩૨/૧ પૈકી ૮ તથા સર્વે નં.૧ તથા સર્વે નં.૧૬૩ પૈકી વાળી જમીન મેળવવા લખમણ રવા કોલીએ વિગેરે નાએ માંગણી કરેલ, તે સંદર્ભે કલેકટરશ્રીએ હુકમ કરી મેધપર કુભારડીના સર્વે નં.૧ એકર–૩, ૦૫–ગુઠા ખરાવાડા હેતુ માટે નીમ થયેલ જમીનને સરકારી પડતર તરીકે ખેતીના હેતુસર ઉપયોગ માટે ઓળખ કરી સરકારશ્રી ખાતે પરત લેવા મેધપર કુભારડી સર્વે નં.૧૦૩ એકર ૩–૦૫ ગુંઠા તેમજ સર્વે નં.૧૬૩ પૈકી એકર ૪–૩૫ ગુંઠા મળી કુલ ૮–એકર જમીન રવા રાયશી કોલીના વારસદારોને નવી અવિભાજય અને નિયંત્રિત શરતે ખાસ હિસ્સા તરીકે જણાવેલ કુલ ૧૪ શરતોનો આધીન ફકત ખેતીના ઉપયોગ માટે મંજુર કરવાનો હુકમ કરાયેલ, જે મુજબના વાદીના કથનોને સમર્થન મળે છે, પરંતુ પ્રતિવાદીનો બચાવ ધ્યાને લેતા વાદીએ દર્શાવેલ તકરારી જમીનની ચર્તુદિશા અંગેનો મુખ્ય મુદ્દો ગણી શકાય. વાદી તરફે નિ.૩/૩ થી મામલતદાર કચેરી અંજાર ધ્વારા ડી.આઈ.એલ.આર.ભુજને મેધપર કુભારડી સર્વે નં.૧ તથા ૧૬૩ પૈકી કુલે એકર ૮–૦૦ ગુઠા જમીન મંજુર થયેલ, જેની માપણીની કાર્યવાહી થવા તા.૩/૭/૦૭ ના રોજ પત્ર લખેલ, તે પ્રતિપાદિત થાય છે. જે ધ્યાને લેતા પ્રતિવાદીના બચાવને સમર્થન મળે છે કે, મેધપર કુભારડી સર્વે નં.૧૦૩ તથા ૧૬૩ પૈકી અંગે હુકમ ફરમાવેલ. જયારે વાદીએ સર્વે નં.૧ તથા ૧ ૬૩ પૈકી વાળો દસ્તાવેજ રજુ કરેલ છે અને જે તફાવત સ્પષ્ટપણે રેકર્ડ આધારીત જણાય છે. વાદી તરફે નિ.૩/૪ થી સર્કલ ઓફીસર, અંજારને તકરારી જમીનના પંચનામા અન્વયે કબજો સુપ્રત

કરવા અંગે માપણી કરવા યાદી કરેલ, તે જણાય છે. વાદી તરફે નિ–૩/૫ થી સર્કલ ઓફીસર, અંજાર(કચ્છ) ધ્વારાતા.૩/૬/૦૭ નો કબજો સુપ્રત કર્યાનુ પંચનામુ રજુ કરેલ છે, જેમા મેધપર કુભારડીના સર્વે નં.૧ તથા ૧૬૩ પૈકી વાળી જમીન દર્શાવેલી છે. વાદી તરફે નિ–૩/૬ થી મામલતદારશ્રી અંજાર ધ્વારા મેધપર કુભારડી સર્વે નં.૧ તથા ૧૬૩ પૈકી વાળી જમીન અંગે ભોગવટા સારુ તા.૩/૬/૦૭ ના રોજ લેખીત પરવાનગી આપેલ તે પ્રતિપાદિત થાય છે. વાદી તરફે નિ.૩/૭ થી ૩/૯ મારફતે મેધપર કુભારડી સર્વે નં.૧ તથા ૧૬૩ પૈકી–૨ તથા ૧ વાળી જમીન અંગે ગામ નમુના નં.૭/૧૨ તથા ૮–અ ના ઉતારાની નકલ તા.૧૩/૮/૧૦ ની સ્થિતિએ રજુ કરેલ છે, જેમા કબજેદાર તરીકે વાદી તથા તેમના અન્ય ભાઈઓનું નામ દર્શાવેલ છે કે જેઓ આ કામે પક્ષકાર નથી, પરંતુ તેઓ વચ્ચે કૌટુંબીક વહેચણી અંગે તા.૩૦/૯/૦૮ ના રોજ કરાર થયાનું દસ્તાવેજી ની.૩/૧૭ થી રજુ છે, જેમા વાદીના ભાગે આ સર્વે નં.૧ તથા ૧૬૩/૨ પૈકી ૩ વાળી જમીન કુલે એકર–૮ આવેલાનું દર્શાવે છે, પરંતુ તેવી કોઈ નોંધ રેવન્યુ રેકર્ડમાં થયાનું જણાતુ નથી, વળી પાણીપત્રકમાં સર્વે નં.૧ વાળી જમીન સરકારશ્રીને પડતર તરીકે દર્શાવેલ છે. તેવી જ રીતે સર્વે નં.૧૬૩/૨ પૈકી–૧ વાળી જમીન પણ પડતર દર્શાવેલ છે જેથી પણ વાદી આ જમીન ખેડતા હોવા અંગે રેકર્ડ આધારે માની શકાય નહી. વાદી તરફે નિ–૩/૧૦ થી રજુ હુકમ તે મહેસુલ સચિવ, અમદાવાદ ધ્વારા કલેકટરશ્રી ભુજ ધ્વારા તા.૩/૫/૦૭ ના રોજ કરાયેલ હુકમ કાયમ રાખવા તા.૧૧/૨/૦૯ ના રોજ કરાયેલ હુકમ છે, તે પ્રતિપાદિત થાય છે. વાદી તરફે નિ.૩/૧૧ થી મેધપર કુભારડીની જમીનના ગામતળ નકશાની નકલ રજુ કરેલ છે, પરંતુ તે નકશાનો રેકર્ડ આધારીત નકશો હોવાનુ માની શકાય નહી તેની કોઈ સમજુતી તેના પર દર્શાવેલ નથી કે યોગ્ય રીતે પ્રમાણીત કરેલ નથી. વાદી તરફે નિ.૩/૧૨ થી ૩/૧૪ ધ્વારા તકરારી સર્વે નં.૧ તથા ૧૬૩ પૈકી ૨ પૈકી–૧ વાળી જમીનનો ૭/૧૨ અને ૮–અ ની નકલ રજુ કરેલ છે, જે તા.૨૭/૯/૧૦ ની સ્થિતિ દર્શાવે છે, જેમા પણ વાદી અને તેના ભાઈઓ કબજેદાર તરીકે દર્શાવે છે. વાદી તરફે નિ–૩/૧૫ થી હકકપત્રકની નોંધ નં.૧૪૯૬ ની તા.૧૬/૬/૦૭ ની નકલ રજુ કરેલ છે, જેમાં કલેકટરશ્રીની હુકમની નોંધ સર્વે નં.૧માં કરી તા.૨૭/૭/૦૭ ના રોજ પ્રમાણીત કરાયેલાનું જણાય છે. વાદી તરફે નિ.૩/૧૬ થી સર્વે નં.૧ તથા ૧૬૩ પૈકી વાળી જમીન અંગે મંજુર થયેલ જમીનની માપણી સીટની નકલ રજુ કરેલ છે. જેમાં જમીનો સાથે આવેલ હોવાનું દર્શાવે છે અને વાદીને તેના ભાઈઓની અરજી આધારીત તૈયાર કરાયેલાનું પ્રતિપાદિત થાય છે. નિ.૩/૧૮ થી વાદીએ ડી.એસ.પી.શ્રી પુર્વ કચ્છને તા.૧૮/૪/૧૨ ના રોજ કરેલ અરજીની નકલ રજુ કરેલ છે, જેમાં વાદીએ અરજીમા કરેલ આક્ષેપ મુજબના કથનો કર્યા છે. જેને પુરાવાકીય મુલ્ય આપી શકાય નહી.

૯/...        પ્રતિવાદી પક્ષે વાદીના દાવાની હકીકતોને પડકારી ચોકકસ બચાવ રજુ કરેલો છે અને આંક–૧૭ ના લીસ્ટથી દસ્તાવેજી આધાર પુરાવાની નકલો રજુ કરેલ છે. જે મુજબ નિ.૧૭/૧ થી કલેકટરશ્રી ભુજનો તા.૩૧/૫/૨૦૦૦ ના હુકમની નકલ રજુ કરેલ છે, જે વાદી તરફે માર્ક ૩/૨ થી રજુ છે. નિ.૧૭/૨ થી સવંત ૨૦૦૦ ના રાજાશાહીના દસ્તાવેજની નકલ રજુ કરેલી છે. જેમા પ્રતિવાદીના બચાવની હકીકતોને સમર્થન આપી સદરહું જગ્યાએ વાડાઓ આવેલ હોવાનુ દર્શાવેલ છે. પ્રતિવાદી તરફે નિ–૧૭/૩ થી સવંત ૨૦૧૬ ના વસીયતનામાની નકલ રજુ કરેલ છે. જેમા પંચાયતના નોંધ નં.૮ વાળી મિલ્કત હરીલાલ બેચરને આપવા અંગે દર્શાવેલ છે. પ્રતિવાદી તરફે નિ.૧૭/૪ થી મામલતદારશ્રી અંજાર ધ્વારા હરીલાલ બેચરના નામથી આપેલ દાખલા સર્ટી.ની નકલ રજુ કરેલ છે. જે તા.૨૦/૧૨/૯૧ ના રોજ આપેલ છે અને તેમા ગામતળની વાડાની જમીન કબજા કિંમત ભરી દેતા કબજો ભોગવટો સોપેલાનું દર્શાવેલ છે, જે પ્રતિવાદીના કથનને સમર્થન આપે છે. પ્રતિવાદી તરફે નિ.૧૭/૫ થી તા.૪/૧૧/૧૧ ની જમીન મહેસુલ તથા શિક્ષણ ઉપકરની રસીદની નકલ રજુ કરેલ છે. જે હરીલાલ બેચરના નામની છે. નિ–૧૭/૬ થી મામલતદાર, અંજાર ધરમશી ભાણજી મિસ્ત્રીના નામની તા.૨૦/૧૨/૯૧ ના રોજની દાખલાની નકલ રજુ કરેલ છે, જેમા પણ ગામતળના વાડાની જમીન પરત્વે કબજા કિંમત ચુકવી આપતા કબજા ભોગવટાના હકક આપ્યાનું દર્શાવે છે. નિ–૧૭/૭ થી મામલતદારશ્રી અંજાર પ્રતિવાદી નં.૫ ધીરજલાલના નામે તા.૨૦/૧૨/૯૧ ના રોજ આપેલ દાખલા સર્ટી.ની નકલ રજુ કરેલ છે. જેમા પણ કબજા કિંમત ચુકવતા વાડાની જમીન પરત્વે કબજો સોપેલાનુ દર્શાવેલ છે. નિ–૧૭/૮ થી તાલુકા વિકાસ અધિકારી, અંજાર–કચ્છ, મેઘપર ગ્રામ પંચાયતને વાડા નં.૧૬ દાખલ થવા બાબતે લખેલ પત્રની નકલ રજુ કરેલ છે. જેમા પ્રતિવાદી નં.૫ ધીરજલાલને વાડાની માલીકી હકક અને કબજો ભોગવટા અંગે નોંધ દાખલ કરી કાર્યવાહી કરવા જણાવેલ. નિ–૧૭/૯ થી વાડાપત્રકની નકલ રજુ કરેલી છે. નિ–૧૭/૧૦ થી પંચાયતનો આકારણી પત્રકની નકલ રજુ કરેલ છે, જે વાડા નં.૪ અંગેની પ્રતિવાદી નં.૫ ના નામની છે. નિ–૧૭/૧૧ થી શિક્ષણ ઉપકર તથા મહેસુલની રકમ તા.૨૧/૫/૧૧ ના રોજ પ્રતિવાદી નં.૫ ના નામે ભર્યાની રસીદની નકલ રજુ કરેલ છે. નિ–૧૭/૧૨ થી પ્રતિવાદી નં.૧ થી ૪ નાએ ૩૫૦૦ ચો.મી. ગામતળનો વાડો પ્રતિવાદી નં.૫ પાસેથી ખરીદ કર્યા અંગે ફેરફાર નોંધ નં.૩૩૦૪ દાખલ કરાયેલ તેની નકલ રજુ કરેલ છે. નિ–૧૭/૧૩ થી પ્રતિવાદી નં.૧ થી ૪ ના નામની ખેડુત ખાતાવહીની નકલ રજુ કરેલ છે. જેમા નોંધ નં.૩૩૦૪ નો ઉલ્લેખ છે. નિ–૧૭/૧૪ થી વાડા નં.૧૬ ને ગામતળના નકશા અંગે પણ ૩૫૦૦ ચો.મી.ની જમીન સ્થળ સ્થિતિ દર્શાવતા નકશાની નકલ રજુ કરેલ છે,

અને નિ–૧૭/૧૫ થી તકરારી જમીનોની વિગત દર્શાવતો મેઘપર કુભારડીની જમીનના નકશાની નકલ રજુ કરેલ છે. જે વંચાણે લેતા પ્રતિવાદી ચોકકસ બચાવ સાથે આધાર પુરાવા રજુ કરેલ છે, પરંતુ વાદી તરફે તેનો કોઈ ખુલાસો સોગંદ પર કરેલ નથી. વાદી તરફે આંક–૨૬ ના લીસ્ટથી રજુ કરાયેલ દસ્તાવેજો ઘ્યાને લેતા કલેકટરશ્રીના હુકમ મુજબ સર્વે નં.૧૬૩ પૈકી ૨ પૈકી–૧ વાળી જમીનમાં વાદી અને તેના ભાઈઓનું નામ દાખલ કરાયેલ અને ચોકકસ શરતોને આધીન મંજુર કર્યાનો દસ્તાવેજ રુજ કરેલ છે, પરંતુ વાદીએ દર્શાવેલ ચર્તુદિશાવાળી જમીન તેઓની માલીકી હકક અને પ્રત્યક્ષ કબજા ભોગવટામાં આવેલ હોવાનું દર્શાવતો ચોકકસ આધાર વાદીએ રજુ કરેલ નથી. પ્રતિવાદીઓ જયારે વાદીના  કથનોને પડકારતો ચોકકસ બચાવ અને તે અંગેના આધાર રજુ કરતા હોય ત્યારે વાદી સોગંદ પર તેનો ખુલાસો કરી બળવોત્તર આધાર રજુ કરવો પડે, કે જેનાથી તેમનો પ્રથમદર્શનીય કેસ ઘ્યાને લઈ શકાય, પરંતુ વાદી તેમ કરવામાં નિષ્ફળ નિવડેલા જણાય છે. પ્રતિવાદી તરફે નીચે મુજબના કેસ ઓથોરીટી ઉપર આધાર રાખેલ છે.

૧. <u>૧૯૭૧ લો સ્યુટ,સુ.કોર્ટ– ૨૫</u>
<u>૨. એ.આઈ.આર.૧૯૭૪ દિલ્હી –૭</u>
<u>૩. ૧૯૯૧ લો સ્યુટ (દિલ્હી) ૬૬૩</u>
<u>૪. ૧૯૯૪ લો સ્યુટ (દિલ્હી) ૪૨૭</u>
<u>૫. ૧૯૯૮ લો સ્યુટ (ગુજરાત) ૫૦૧</u>
<u>૬. ૧૯૮૫ લો સ્યુટ (એમ.પી.)૨૧</u>
<u>૭. ૧૯૮૩(૧) જી.એલ.આર. ૬૨૨</u>

ઉપરોકત કેસલોમાં પ્રસ્થાપિત સિધ્ધાંત અત્રેની કોર્ટને બંધનકતા છે અને તે મુજબ પણ ઘ્યાને લેતા વાદીએ માગેલ સમન્યાયી હુકમની દાદ મંજુર કરતા સમયે બંને પક્ષકારોનું હિત ઘ્યાને લેવુ આવશ્યક છે અને કોઈ પક્ષકાર ઘ્વારા જો સપ્રેશન ઓફ મટીરીયલ ફેકટસ કરતા તે પણ ઘ્યાને લેવુ પડે છે. આ કામે વાદીની તરફેણમાં માંગ્યા મુજબનો હુકમ કરતા પહેલા વાદીનો કાયદેસરનો કબજો હોવો આવશ્યક છે પરંતુ આ કામે તેવો કોઈ ચોકકસ આધાર પુરાવો રજુ થયેલાનું માની શકાય નહી, ફકત રેવન્યુ રેકર્ડમા કબજેદાર તરીકે દર્શાવાથી વાદીનો પ્રત્યક્ષ કબજો કે ખેડ હકક માની શકાય નહી અને રેવન્યુ રેકર્ડની નોંધોનું મુલ્ય ફકત નાણાંકીય હેતુસર આંકી શકાય. તેનાથી કોઈ માલીકી હકક નકકી ન કરી શકાય. વળી આ કામે પક્ષકારોની વચ્ચેની મુળ તકરારો ઘ્યાને લેતા પણ તકરારી જમીનની ચર્તુદિશાનો મુખ્ય મુદ્દો હોય અને તે સ્પષ્ટપણે વાદીની

કબજાવાળી જમીનનું હોવાનુ પ્રથમદર્શનીય રેકર્ડ પર આવતુ ન હોય ત્યારે વાદીને માંગ્યા મુજબનો હુકમ કરવામ આવે તો પ્રતિવાદી કે અન્ય જરુરી પક્ષકારોને અગવડતા પડે કે નુકશાની થવાની શકયતા રહે, આ સંજોગોમાં પણ વાદીનો સબળ પ્રથમદર્શનીય કેસ ગણી શકાય નહી અને આવો હુકમ મેળવવા માટે ફકત પ્રથમદર્શનીય કેસ જ નહી પરંતુ સગવડતા અગવડતાની સમતુલાનું પલ્લુ તેમજ નાણાંથી ભરપાઈ ન થાય તેવી નુકશાનીની શકયતા ધ્યાને લેવાની હોય, જેથી પણ વાદીએ તે તમામ મુદ્દાઓ પોતાની તરફેણમા દર્શાવવાના રહે અને જે દર્શાવવામા વાદી નિષ્ફળ નિવડેલ હોય આ સંજોગોમા મુદ્દાનં.૧ થી ૩ નો મારો નિર્ણય નકારમાં ઠરાવી હાલની અરજી લગત મુદ્દા નં.૪ અંગે નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**<u>–:: હુ ક મ ::–</u>**

અરજદારની હાલની અરજી નામંજુર કરવામાં આવે છે.

અરજીનો ખર્ચ દાવાના ખર્ચ ને અનુસરશે.

આજરોજ તારીખ : ૧૦ મી માહે : જુલાઈ, સને ૨૦૧૫ ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૧૦/૦૭/૨૦૧૫. સહી/–

અંજાર – કચ્છ. ( અતુલકુમાર રજનીકાંત પટેલ)

બીજા એડી. સીનીયર સીવીલ જજ,

અંજાર–કચ્છ.જી.જે.૦૦૭૧૦